# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧ ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨

Email:- registrar.kskvku@gmail.com web:kskvku.digitaluniversity.ac


## સ્નાતક કક્ષાના પ્રથમ વર્ષમાં પ્રવેશ (એડમિશન) માટેના નિયમો

## વર્ષ-૨૦૨૩-૨૪

(૧) દરેક કોલેજ /સંસ્થાએ જે તે સ્ટ્રીમમાં યુનિવર્સીટી દ્વારા મંજુર કરવામાં આવેલ ડિવિઝન /સીટ પ્રમાણે પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે વર્ષ ૨૦૨૩-૨૪નાં પ્રવેશની વિશિષ્ટ પરિસ્થિતિને ધ્યાને લેતાં જો વધારાની સીટો ભરવાની થાય તો પોતાના માળખાકિય અને શૈક્ષણિક સુવિધાને આધારે યુનિવર્સીટીની પૂર્વ મંજુરી થી વધારાની સીટો ભરી શકશે.

(૨) દરેક કોલેજે સ્ટ્રીમ (આર્ટસ,સાયન્સ,કોમર્સ) પ્રમાણે ફરજિયાત મેરિટ લીસ્ટ તૈયાર કરવાના રહેશે અને દરેક મેરિટ લીસ્ટની પ્રિન્સિપાલ દ્વારા પ્રમાણિત કરેલી નકલ કુલસચિવશ્રી. કે.એસ.કે.વી કચ્છ યુનિવર્સીટી ભુજને જમા કરાવવાની રહેશે મેરિટ લીસ્ટ સિવાય આપવામાં આવેલ પ્રવેશ માન્ય રહેશે નહી.

(3) નવા પ્રવેશ મેળવતા વિધાર્થીઓ માટે ACADEMIC BANK OF CREDIT નું રજીસ્ટ્રેશન ફરજિયાત છે અને દરેક કોલેજ દ્વારા પ્રવેશ મેળવતા વિધાર્થીઓ પાસેથી ACADEMIC BANK OF CREDITનું રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર અને રજીસ્ટ્રેશન નંબર અવશ્ય મેળવવાનો રહેશે.

(૪) મેરિટ લીસ્ટમાં ચાલુ વર્ષ દરમિયાન પાસ થયેલા વિધાર્થીના ના કુલ ગુણ /ટકા /CGPના માત્ર થિયરીના ગુણ મેરીટ માટે ધ્યાને લેવાનાં રહેશે. એક થી વધુ પ્રયાસે પાસ થયેલ વિધાર્થીની ટકાવારી તે વિધાર્થી દ્વારા જે તે પરીક્ષામાં પાસ કરેલ વિષયોમાં મેળવેલ માર્કસનાં કુલ સરવાળાને આધારે ગણવાની રહેશે

(૫) મેરિટ લીસ્ટ બનાવતી વખતે રાજ્ય સરકારશ્રીની અનામત નીતિનું સંપૂર્ણ રીતે પાલન કરવાનું રહેશે. જે મુજબ SC કેટેગરીને ૭% સીટ ST કેટેગરી માટે ૧૫% ટકા સીટ OBC કેટેગરી માટે ૨૭% સીટ અનામત રાખવી EWS માટે વધારાની મંજુર થયેલી સીટ માંથી ૧૦% સીટ અનામત રાખવાની રહેશે.

(૬) એક ડિવિઝનમાં ૧૫૫ સીટોનું ગણી તેમાં EWS કેટેગરીને કારણે વધારાની (૧૦% સીટો ઉમેરતા ) એક ડિવિઝનમાં હવે ૧૭૨ મહતમ વિધાર્થીને પ્રવેશ આપી શકાશે જેમાં પ્રત્યેક ડિવિઝન પ્રમાણે નીચે પ્રમાણે અનામત કેટેગરીના વિધાર્થીનો સમાવેશ કરવાનો રહેશે SC કેટેગરી ૭% વિધાર્થીઓ ST કેટેગરી ૧૫% વિધાર્થીઓ OBC કેટેગરી ૨૭% વિધાર્થીઓ EWS કેટેગરી ૧૦% સીટ વિધાર્થીઓનો સમાવેશ કરવાનો રહેશે ગુજરાત બહારથી આવતા વિધાર્થીઓને અનામતનો લાભ મળવા પાત્ર નથી.

(૭) જે તે મેરીટ લીસ્ટમાં કેટેગરીનાં વિધાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો સરકારશ્રીની અનામત નીતિ પ્રમાણે ૩જા પ્રયત્ન પછી અનામત કેટેગરીની સીટો અન્ય કેટેગરીમાં ફેરબદલ કરી શકાશે.

(૮) તમામ સ્ટ્રીમમાં મેરિટ માં માત્ર ધોરણ ૧૨ કે તેની સમકક્ષ પરીક્ષાનાં માત્ર થિયરીના ગુણ જ ધ્યાને લેવાના રહેશે સાયન્સમાં મુખ્ય વિષયનાં માર્ક્સને આધારે વિધાર્થીનું ( ૩૦૦ ગુણમાંથી) મેરીટ બનાવવાનું રહેશે.

(૯) દિવ્યાંગ વિધાર્થીને (૪૦% કે તેથી વધુ દિવ્યગતા ધરાવતા ) વિધાર્થીને તેની કેટેગરીમાં પ્રવેશ માટે અગ્રતા આપવાની રહેશે.

(૧૦) વિશેષ પ્રવેશ માટે જેમ કે લશ્કરી કર્મચારીના સંતાનો /રમત ગમત અને કલ્ચર ઈવેન્ટમાં રાજ્ય સ્તરે અથવા કેન્દ્ર સ્તરે ભાગ લીધેલ વિધાર્થીઓને પ્રવેશમાં કોલેજ અગ્રતા આપી શકશે.

(૧૧) રાજ્યસરકાર /કેન્દ્ર સરકાર /સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ/નિગમોના કર્મચારીના સંતાનોને વાલીની બદલીના કિસ્સા માં પ્રવેશમાં અગ્રતા આપવાની રહેશે.

(૧૨) અન્ય બોર્ડમાંથી આવતા વિધાર્થીની અસલ માર્કશીટમાં વિલંબ થતો હોય છે ત્યારે આવા વિધાર્થીના પ્રવેશ માટે યુનિવર્સીટી ઈંટરનેટ ઉપરથી ડાઉનલોડ કરેલી પ્રમાણિત કરેલી માર્કશીટની કોપીને આધારે પ્રોવિઝનલ પ્રમાણપત્ર આપવું.

(૧૩) સુચારુ રૂપે વર્ગખંડનાં આયોજના માટે અને દરેક વિષયમાં યોગ્ય કાર્યભારની વહેચણી માટે પ્રથમવર્ષમાં વિધાર્થીના પ્રવેશ સમયે કોલેજ દ્વારા નક્કી કરવામાં આવેલા વિષય અને વિષયના ગ્રુપ જ વિધાર્થી પસંદ કરી શકશે અથવા કોલેજ દ્વારા જે વિષયમાં જગ્યા ખાલી હશે તે વિષય માં કોલેજ વિધાર્થીને પ્રવેશ આપશે ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં દરેક કોલેજના વિષય મેનુમાં NEP મુજબ જરૂરી સુધારો કરવો ખુબ જ જરૂરી છે, જેથી વિધાર્થી દ્વારા માગવામાં આવેલા વિષયો અને કોલેજ દ્વારા વિધાર્થીને આપવામાં આવતા વિષયો વચ્ચે એકરૂપતા જળવાઈ રહે.

(૧૪) જયારે કોઈ વિધાર્થી દ્વારા કોઈ કોર્ષ વચ્ચેથી છોડી દેવામાં આવે અથવા તેજ કોર્ષમાં ફરી નવેસરથી પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ભરે અથવા પ્રવેશ આપવામાં આવે તે પૂર્વે વિધાર્થીનું અગાઉનું એડમિશન રદ કરાવવું ફરજિયાત છે અને તેની જવાબદારી સંપૂર્ણ પણે વિધાર્થીની રહેશે.

(૧૫) એક કોલેજ માંથી અન્ય કોલેજમાં પ્રવેશ માટે જયારે વિધાર્થી અરજી આપે છે ત્યારે અગાઉની કોલેજમાં અભ્યાસ કરેલ કોઈપણ સેમેસ્ટર કે વર્ષમાં બેકલોગ હોવો જોઈએ નહી અને અન્ય કોલેજમાં વિધાર્થીના વિષયોમાં સમ્પૂર્ણ એકરૂપતા હશે તોજ કોલેજ ફેરબદલી આપી શકાશે અને તે માટે સૌ પ્રથમ જે કોલેજમાં વિધાર્થીએ પ્રવેશ મેળવવાનો છે તે કોલેજનું NOC રજુ કર્યા પછી જ જે તે કોલેજ વિધાર્થીનું TC આપી શકશે.

(૧૬) અન્ય યુનિવર્સીટીઓ માંથી વિધાર્થી સેમેસ્ટર ૩ ,૫ માં પ્રવેશ માટે પ્રવેશ ફોર્મ રજુ કરે ત્યારે યુનિવર્સીટીનું કામચલાવ પ્રોવિઝનલ પ્રમાણપત્ર સાથે રજુ કરવાનું રહેશે.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી
ભુજ

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ
૩૭૦૦૦૧